ચાંદખેડા પોલીસ સ્ટેશન
ફોન નં. ૨૩૨૯૧૨૭૫, ફેકસ નંબર ૨૩૨૯૧૨૮૦
E-mail- Polstn-chandkh-ahd@gujarat.gov.in

## પ્રેસનોટ

## ગેરકાયદેસર દેશી બનાવટનો તમંચો તથા જીવતા કારતૂસ સાથે ઇસમોને શોધી પકડી લેતી ચાંદખેડા પોલીસ

આગામી દિવાળીના તહેવાર અનુસંધાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ નાઓએ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા કોઇ અનિચ્છનીય બનાવ ના બને તે સારૂ તકેદારી રાખવા આપેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ ના બને તે સારુ પો.સબ.ઇન્સ કે.આર.પટેલ તથા એ.એસ.આઇ વેલાજી રામસંગજી બ.નં-૭૬૧૨ તથા એ.એસ.આઇ રાવજીભાઇ માવાભાઇ બ.નં-૫૧૭૩ તથા અ.લો.ર હિતેશકુમાર બબાભાઇ બ.નં-૧૧૯૩૦ તથા અ.પો.કો નિલેશકુમાર રતિલાલ બ.નં-૧૦૪૨૨ તથા ડ્રાયવર પો.કો નટવરસિંહ લક્ષ્મણસિંહ બ.નં-૨૭૪૨ તથા હોમગાર્ડ અનિલકુમાર દિવાકર બ.નં-૪૩૪૭૪ નાઓ નાઇટ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન વૈષ્ણોદેવી સર્કલથી ગોતા તરફ જતા સર્વિસ રોડ પર જગતપુર ટી-રોડ એ.એમ.ટી.એસ સ્ટેન્ડ પાસે એક સ્વિફટ ગાડી નંબર યુપી-૮૩-એવી-૦૯૬૬ ની શંકાસ્પદ હાલતમાં જણાતાં સદરી ગાડી ચેક કરતાં ગાડીમાં (૧) દિપકકુમાર ઉર્ફે દિપુ સ/ઓ વિજયબહાદુર વાસુદેવ જાતે યાદવ ઉ.વ.-૨૭ રહે-ગામ-બધિકપુરા, પોસ્ટ-હરેહા, થાણા-નસીરપુર તા-સિકોહાબાદ જીલ્લો-ફિરોજાબાદ ઉત્તરપ્રદેશ (૨) વિજયકુમાર હોરીલાલ હરકિશન યાદવ ઉ.વ૨૭ રહે. મુ.પો.-નસીરપુર તા-સિકોહાબાદ જીલ્લો-ફિરોજાબાદ ઉત્તરપ્રદેશ (૩) અજીત સ/ઓ શ્રીનીલેષ શ્રીઅવધેશ(નરેન્દ્ર) ચૌહાણ ઉ.વ.૨૨ રહે. મહોલ્લો-ટીકટપુરા, જસરાણા, તા.જસરાણા જીલ્લો-ફિરોજાબાદ ઉત્તરપ્રદેશ (૪) જોગેન્દ્રસિંહ સ/ઓ રામવીરસિંહ શિલેટીયાસિંહ યાદવ ઉ.વ.૨૬ રહે. સિકંદરપુર, થાના-એકા, તા.જસરાણા જીલ્લો-ફિરોજાબાદ ઉત્તરપ્રદેશ નાઓ મળી આવેલ જેઓની કબજાની સદર ગાડી માંથી દેશી બનાવટનો તમંચો નંગ-૧ તથા જીવતા કારતૂસ નંગ-૦૫ તથા અલગ અલગ કંપનીના મોબાઇલ નંગ-૦૬ તથા સ્વિફટ ગાડી મળી કુલ્લે રૂ-૫,૦૭,૯૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી આજરોજ તા.૧૬/૧૦/૨૦૧૯ ના કલાક ૦૪/૩૦ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી ચાંદખેડા પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૩૧૫૮/૧૯ આર્મ્સ એકટ કલમ ૨૫(૧)(બી)(એ), ૨૯ તથા જીપી એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ કરી પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે. તા.૧૬/૧૦/૨૦૧૯.

(બી.કે.ગમાર)
પોલીસ ઇન્સ્પેકટર
ચાંદખેડા પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર